**Capital World (Gujarati) Pg 3, 18th Aug 2022**

# યુકેમાં ફુગાવો ચાર દાયકાની ટોચે પહોંચતા ક્રિપ્ટો બજારમાં ઘટાડો

» ભારતીય 3.0 વર્સનો આઈસી ૧૫ ઈન્ડેક્સમાં ૦.૯૯ ટકાનો ઘટાડો

**કેપિટલ સંવાદદાતા તા.૧૭**

યુનાઈટેડ કિંગડમમાં ફુગાવો વધીને ૧૦.૧ ટકાએ પહોંચ્યો છે, જે છેલ્લા ચાર દાયકામાં સૌથી અધિક છે. પરિણામે તેની નકારાત્મક અસર દરેક બજારો ઉપર જોવા મળી હતી, જેમાં ક્રિપ્ટોકરન્સીનો પણ સમાવેશ હતો.

યુકેમાં પણ નોંધપાત્ર પ્રમાણમાં ક્રિપ્ટોકરન્સી કામકાજ ચાલે છે. પહેલાથી જ ઊર્જા કટોકટીને લીધે માઈનર્સને ઊર્જા સંબંધિત સમસ્યા નડી રહી છે. એવામાં વધતા ફુગાવાને લીધે વીજળી ખર્ચમાં વધારો થવાની ચિંતા છે.

નકારાત્મક સેન્ટિમેન્ટ પશ્ચિમી દેશોના શેરબજારોમાં પણ જોવા મળ્યુ હતું. લંડનનો એફટીએસઈ, ફ્રાન્સનો સીએસી, જર્મનીનો ડીએએક્સ અને અમેરિકાનો નાસ્દાક એકથી દોઢ ટકા ઘટાડે ટ્રેડ થઈ રહ્યા હતા.

જયારે3.0 વર્સનો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫બુધવારે સાંજેઆઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૧.૩૬ ટકા (૪૮૨ પોઈન્ટ્સ) ઘટીને૩૪,૯૫૮ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.




**ક્રિપ્ટો કરન્સીના ભાવ**

| ક્રિપ્ટો કરન્સી | ભાવ (ડોલરમાં) | ભાવ રૂપિયામાં | છેલ્લા ૨૪ કલાકમાં વધ-ઘટ ટકામાં | છેલ્લા અઠવાડિયામાં વધ-ઘટટકામાં |
|---|---|---|---|---|
| બિટકોઇન (BTC) | ૨૩,૬૨૯.૮૧ | ૧,૮૭૫,૫૬૮.૮૭ | -૧.૪૦ | -૧.૯૦ |
| ઈથેરિયમ (ETH) | ૧,૮૬૩.૩૯ | ૧૪૭,૯૬૭.૧૬ | -૧.૪૮ | ૧.૪૭ |
| બિનાસ કોઇન (BNB) | ૩૧૦.૨૩ | ૨૪,૬૩૨.૨૦ | -૧.૭૭ | -૬.૫૧ |
| XRP | ૦.૩૭ | ૨૯.૬૭ | -૦.૦૮ | -૦.૮૧ |
| ડોજીકોઇન | ૦.૦૮૩૫ | ૬.૬૧ | -૪.૨૪ | ૧૭.૮૦ |
| લાઇટ કોઇન (LTC) | ૬૧.૨૫ | ૪,૮૫૪.૭૦ | ૦.૫૩ | -૦.૯૯ |